<u>પ્રકરણ– ૭</u>

નીતિ ઘડતર અથવા નીતિના અમલ સંબંધી જનતાના સભ્યો સાથે સલાહ પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઈ વ્યવસ્થા હોય તો તેની વિગત

| અ.નં. | વિષય/ મુદ્દો | શું જનતાની સહભાગીતા સંનિશ્ચિત કરવાની જરૂરી છે ? હા / ના | જનતાની સહભાગીતા મેળવવા માટેની વ્યવસ્થા |
|---|---|---|---|
| ૧ | જિલ્લા કક્ષાએ જિલ્લા કલેકટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા સંકલન સમિતિની રચના કરવામાં આવેલ છે. | આ બાબતે જનતાના પ્રશ્નોની રજુઆતો સંસદસભ્યશ્રીઓ / ધારાસભ્યશ્રીઓ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને જી.સા.ન્યાય સમિતિના ચેરમેનશ્રી દ્વારા સદર બેઠકમાં રજુ કરવામાં આવે છે. | જિલ્લા સંકલન સમિતિની બેઠકમાં સમિતિના કાર્યક્ષેત્રના કાયમી મુદ્દાઓ ઉપરાંત સંસદસભ્યશ્રી/ધારાસભ્યશ્રીઓ જી.પ.પ્રમુખશ્રી / ચેરમેન,જી.સા.ન્યાય સમિતિ તરફથી પુછવામાં આવેલ પ્રશ્નોના જવાબ જિલ્લાના સંબંધકર્તા કચેરીઓના વડાશ્રીઓ પાસેથી મેળવવામાં આવે છે. અને સદર બેઠકમાં સંકલનની તમામ કચેરીઓના વડાશ્રીઓના જાતે હાજર રાખવામાં આવે છે.અને સંસદસભ્યશ્રી/ ધારાસભ્યશ્રીઓ / નિયત કરેલ પદાધિકારીશ્રીઓ દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોની વિસ્તુત ચર્ચા કરી સમિતિની બેઠકમાં યોગ્ય નિકાલ કરી તેઓને જવાબ પાઠવવામાં આવે છે. |
| ૨ | જિલ્લામાં ટ્રાફીક સમસ્યા નિવારણ | ખાસ તજજ્ઞોને સભ્ય બનાવવા યોગ્યરહેશે. | જિલ્લામાં ટ્રાફીક સમસ્યા નિવારણ માટે જિલ્લા ટ્રાફીક સમસ્યા નિવારણ સમિતિની રચના કરવામાં આવેલ છે. તથા ટ્રાફીકને લગતી સમસ્યાની ત્રિમાસિક મીટીંગ બોલાવવામાં આવે છે તથા ટ્રાફીકને લગતા પ્રશ્નોના નિકાલ કરવામા આવે છે. |

| | | | |
|---|---|---|---|
| ૩ | જેલ મુલાકાત બોર્ડ અને સલાહકાર સભ્યોની નિમણુંક | ખાસ તજજ્ઞોને સભ્ય બનાવવા યોગ્ય રહેશે. | જેલ મુલાકાત બોર્ડ અને જેલ સલાહકાર સભ્યોની નિમણુંક કરવા માટે એક સમિતિ બનાવવામાં આવેલ છે. જેમાં જેલના કેદીઓને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે અને તેનો નિકાલ કરવામાં આવે છે. |
| ૪ | પોલીસ સલાહકાર સમિતિ | ખાસ તજજ્ઞોને સભ્ય બનાવવા યોગ્યરહેશે. | પોલીસ સલાહકાર સમિતિની રચના કરવામાં આવેલ છે. જેમાં જિલ્લા પોલીસ વિભાગને લગતા પ્રશ્નોની ચર્ચા કરવામાં આવે છે. અને તેનું નિરાકરણ કરવામાં આવે છે. |
| ૫ | આવશ્યક ચીજ વસ્તુ અને તેના પુરવઠા વિષયક બાબત | સદર | આવશ્યક ચીજ વસ્તુ અને તેના પુરવઠા વિષયક નિતિ ઘડતર રાજ્ય કક્ષાએ સરકારશ્રી દ્વારા થાય છે. |
| ૬ | સરકારશ્રી તરફથી જ્યારે અછત /અર્ધ અછત જાહેર કરવામાં આવે ત્યારે જિલ્લામાં અછત રાહત સમિતિની રચના કરવામાં આવે છે. | સદર | રાહત કામો શરૂ કરવાના, પીવાના પાણીની સુવિધા કરવાની, રાહત કામ પર મજુરીએ ન જઈ શકે તેવા શ્રમજીવીઓના કુટુંબીજનો જેવા કે વૃધ્ધ, અશકત, અપંગ, સગર્ભા મહિલા અને બાળકોને કેશડોલ્સ ચુકવવાની આ કામગીરીની વ્યવસ્થા મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી દ્વારા કરવામાં આવે છે. |
| ૭ | પાણી સમિતિની રચના કરવામાં આવે છે. | સદર | પીવાના પાણી અંગેની સુવિધા કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, દ્વારા કરવામાં આવે છે. |